





# શહેરમાં ધોધમાર વરસાદથી સેકટરોમાં જળબંબાકાર

**અંદાજીત ૪ કલાકમાં ૨ ઈંચથી વધુ વરસાદ : દિવસ દરમિયાન ઝરમર વરસાદના અંતે મેઘરાજા ધોધમાર વરસતા ચોમેર પાણી પાણી : નગરના આંતરિક વિસ્તાર સહીત મુખ્ય માર્ગો પર જળબંબાકાર : પ્રિમોન્સુન પ્લાન ધોવાયો : વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના નામે મીંડુ : વાહનો ખોટવાયા : ટ્રાફિક જામના દ્રશ્યો - જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં આજે સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ નિખર્યો હતો. દિવસ દરમિયાન જરમર વરસાદના અંતે સાંજના સમયે આકાશમાં કાળા ડિબાંગ વાદળો મનમુકીને વરસી પડતા વિજચમકારા સાથે નગરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદના અંતે સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. છેલ્લા ૨૪ કલાકમાં બે ઇંચ વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સીઝનનો વરસાદ ૩૧૧ મી મી થી વધુ નોંધાયો છે. વરસાદના લીધે નગરમાં હરિયાળીના નિખાર વચ્ચે આહલાદક વાતાવરણનો નઝારો સર્જાયો છે. ધોધમાર વરસાદથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. નગરના આંતરિક વિસ્તારો સહીત મુખ્ય માર્ગો પણ વરસાદી પાણીમાં ધમરોળાયા હતા. મુખ્ય માર્ગો પરથી પણ વરસાદી પાણીનો નિકાલ થતો ન હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. પીકઅવર્સ દરમિયાન વાહનો ખોટવાતા નગરના માર્ગોપર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

શહેરમાં આજે સાંજે આકાશમાં ઘેરાયેલા ઘનઘોર વાદળો મનમુકીને વરસી પડતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. ગઈકાલ રાતથી મેઘરાજા જરમર વરસતા સવારે ભીંજારાના વાતાવરણ વચ્ચે સેકટરોમાં કાદવ કિચ્ચડના દ્રશ્યો જોવા મળ્યા હતા. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે મેઘરાજા મહેર કરે તેવી શક્યતા પ્રબળ બની હતી. દિવસ દરમિયાન વરસાદી છાંટણાના અંતે સાંજના સમયે અચાનક જ આકાશમાં કાળા ડિંબાંગ વાદળો ઘેરાઇ આવ્યા હતા. વરસાદી વાતાવરણ અને વિજચમકારા સાથે ધીમે ધીમે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. જયારે થોડીવારમાં જ મેઘરાજા ધોધમાર વરસતા પલવારમાં જ નગરમાં ચોમેર વરસાદી પાણી ઉભરાઇ આવ્યા હતા. પોણા કલાક સુધી મેઘરાજા ધોધમાર વરસતા નગરના નવા અને જુના સેકટરોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. સેકટરોના આંતરિક વિસ્તાર વરસાદી પાણીએ ઘમરોળતા નાગરિકો અટવાયા હતા. નગરના મુખ્ય માર્ગો પર પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. શહેરના હાર્દસમા વિસ્તાર ઘ-૫ અને ઘ-૪ પાસે પણ વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જેના લીધે રાહદારીઓએ પણ પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો. વાહનચાલકો પણ અટવાયા હતા. માર્ગ પર વાહનો ખોટવાયા હોવાના પણ અનેક કિસ્સા જોવા મળ્યા હતા. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાતા વરસાદી સમસ્યાઓ પુન: ડોકીયા કરતી થઈ હતી. સેકટરોમાં સાંજ ઢળતા જ સ્ટ્રીટ લાઈટો ડુલ

● અનુસંધાન પાન-૭ પર













## જીપીએસસીની વર્ગ-૧ અને ૨ની પ્રિલીમનરી પરીક્ષાનુ પરિણામ જાહેર થયુ

**રાજયના ૬૦૩૫ ઉમેદવારો મુખ્ય પરીક્ષા આપશે : એસ ટી કેટેગરીના સ્ત્રી અને પુરુષ ઉમેદવારોનુ મેરીટ પ્રમાણમાં નીચુ**

ગાંધીનગર તા ૧૪

ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા વર્ગ -૧ અને ૨ ના ઉમેદવારો માટે લેવાયેલી પ્રિલીમનરી પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ. રાજયમાંથી ૬૦૩૫ ઉમેદવારો આ પરીક્ષાના પ્રથમ તબક્કમાં લાયક પુરવાર થતા મુખ્ય પરીક્ષામાં હાજરી આપશે. જેમાં સામાન્ય કક્ષામાં મેઈલ કેટેગરી માટેનુ મેરીટ ૧૧૩.૦૫ એ અટકયુ છે. જયારે સ્ત્રી ઉમેદવારોનુ મેરીટ ૮૨.૫૬ ટકા રહયુ છે. આ ઉપરાંત એસ ટી કેટેગરીમાં ૬૨ થી ૭૫ ટકા સુધી મેરીટ નીચુ રહયુ છે.

ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા થોડા સમય અગાઉ વર્ગ -૧ અને ૨ના સંવર્ગની ખાલી જગ્યાઓ પર ભરતી કરવા માટે પ્રિલીમનરી પરીક્ષા લેવામાં આવી હતી. રાજયમાંથી લાખો ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી. જયારે ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા આજે આ પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. આ પરીક્ષામાં રાજયમાંથી કુલ ૬૦૩૫ ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે લાયક હોવાનુ પરીણામના અંતે ધ્યાને આવ્યુ છે. પરીક્ષાના પરિણામના અંતે જનરલમાં પુરુષ ઉમેદવાર માટે મેરીટ ૧૧૩.૦૫ રહયુ હતુ જયારે સ્ત્રી ઉમેદવાર માટે મેરીટ ૮૨.૫૬ રહયુ હતુ. આ ઉપરાંત એસ ટી પુરુષ ઉમેદવાર માટે ૭૫.૮૯ ટકા અને સ્ત્રી ઉમેદવાર માટે ૬૨.૯૨ ટકા સુધી મેરીટ નીચુ પહોંચ્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પરીક્ષા દરમિયાન ૨ ઉમેદવારો મોબાઈલ સાથે ઝડપાયા હતા. જયારે ૧ કિસ્સામાં કોપીકેસ દાખલ કરાયો હતો. જયારે ૩ કીસ્સામાં કોલલેટર ડાઉનલોડ ન કર્યો હોય તેમ પણ માલુમ પડયુ હતુ. વધુમાં ૩ ઉમેદવારો ડમી હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ હતુ.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સાંજના સુમારે દોઢથી બે ઈંચ વરસાદ વરસ્યો

**ખેડૂતો ખુશખુશાલ : નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા ચિલોડા ટ્રાફિકજામ થયો : તળાવોમાં પાણીની આવક**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજે સાંજના સુમારે થયેલ મેઘ મહેરથી વાતાવરણમાં ભારે બદલાવ આવ્યો છે. જિલ્લાના ચારેય તાલુકામાં ૧ા થી ૨ ઈંચ જેટલો વરસાદ ૪ થી ૬ ના ગાળામાં નોંધાયો છે.

ગુજરાત પર સક્રિય થયેલ બે સિસ્ટમને પગલે આજે ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં વરસાદ નોંધાયો છે. સવારે ઝરમરમિયા વરસાદ સાથે મેઘરાજાએ આગમન કર્યુ હતુ. બપોરના સમયે થોડાક વિરામ બાદ ૪ વાગ્યાથી વરસાદ તુટી પડ્યો હતો અને બે કલાકમાં જ ૧ા થી ૨ ઈંચ જેટલો વરસાદ સમગ્ર જિલ્લામાં નોંધાયો હતો.

આજે પડેલા આ વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા તેમજ ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પણ પાણીની નવી આવક નોંધાઈ હતી. ચિલોડા નજીક પડેલા વરસાદને પગલે પાણી ભરાઈ જતાં ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો. આ ઉપરાંત રોડની આસપાસની ચોકડીમાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા. સાંજના સુમારે પડેલા વરસાદની તીવ્રતા એટલી હતી કે સામેથી આવતા વાહનો પણ દેખાતા ન હતા.

પેથાપુરમાં પણ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતાં નગરજનો મુશ્કેલીમાં મુકાયા હતા. પેથાપુર-રાંધેજા રૂપાલ માર્ગ પર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

કલોલમાં પણ ૪ થી ૬ ના ગાળા દરમ્યાન જ બે ઈંચ જેટલો વરસાદ નોંધાતાં શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. આ વરસાદને કારણે જિલ્લાકક્ષાની કેરીઓમાં કર્મચારીઓ પણ ભરાઈ ગયા હતા. જો કે સાંજે વરસાદ સાત વાગ્યા પછી હળવો થતાં ધીમી ગતિએ પાણી ઓસરવા લાગ્યા હતા.

માણસા અને દહેગામ પંથકમાં પણ વરસાદ સારો થતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

આજે થયેલા વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરવા પામી હતી. લોકોએ ઉકળાટમાંથી રાહત અનુભવી હતી. સારો અને સમયસરનો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો.

ગ્રામીણ વિસ્તારના તળાવોમાં પાણીની નવી આવક થવા પામી છે.

## પંચાયત પ્રમુખની કચેરીનું રિનોવેશન માટે સ્થળાંતર કરાયું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરની કચેરીનું પંચાયતના સંકુલમાં જ સ્થળાંતર કરવામાં આવ્યું છે.

તેમની કચેરીના રિનોવેશન માટે અંદાજપત્રમાં કરાયેલી જોગવાઈ પછી હમણાં તંત્ર એ આ કામ હાથ પર લેવાનો નિર્ણય કર્યો છે. આજે તેમની કચેરી ખાલી કરી દેવામાં આવી છે.

હજુ થોડો ઘણો સામાન ખસેડવાનો બાકી છે તે એકાદ દિવસમાં સ્થળાંતરી કરી દેવાશે. આ પછી રિનોવેશનનું કામ હાથ ધરવામાં આવશે. રૂ. ૩ લાખથી પણ વધુના ખર્ચે તેની કચેરીનું રિનોવેશન કરવામાં આવશે. જેમાં ફલોરીંગ, પાર્ટીશન તેમજ પી.એ.ની કચેરી મોટી કરવા સહિતની બાબતનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં કચેરીઓના રિનોવેશનની તીવ્ર જરુરીયાત ઉભી થવા પામી છે. ૩૦ વર્ષ કરતાં પણ વધુ જુનું મકાન થયું છે તેમજ એક તાલુકાનો જિલ્લો હતો ત્યારે બનાવાયેલું આ મકાન જિલ્લાના વિસ્તરણ પછી નાનું પડે છે. સરકારમાં વારંવારની રજુઆતો પછી પણ નિકાલ ન આવતો હોવાથી વર્ષો વર્ષ લાખો રૂ.નો ખર્ચ રિનોવેશન પાછળ ખર્ચવામાં આવી રહ્યો છે.

અગાઉ કારોબારી સમિતિના ચેરમેનના રિનોવેશનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. ડે.ડી.ડી.ઓ.ની કચેરીનું રિનોવેશન કરવાનો નિર્ણય લેવાયો છે જે ઉલ્લેખનીય છે.

**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧
**જાહેર નિવિદા**
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું માસિક સામયિક 'બાળવિશ્વ'ના પ્રિન્ટીંગ કામ માટે આ પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતી પાર્ટીઓ પાસે તા. ૨૪-૦૭-૨૦૧૭ સાંજે ૧૬.૦૦ કલાક સુધીમાં સિલબંધ ટેન્ડર રૂબરૂમાં મંગાવવામાં આવે છે. અને ટેન્ડર આપ્યા બદલ પહોંચ મેળવી લેવાની રહેશે. આ સિવાય અન્ય રીતે મોકલેલ ટેન્ડરો રદ ગણાશે. વધુ વિગતો www.cugujarat.ac.in ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાને લેશો. તા. ૧૪-૦૭-૨૦૧૭
કાર્યકારી કુલસચિવ

for Registration of
LED streetlights complaints in
Gandhinagar City Contact :
Energy Efficiency Services Limited
Mobile No. : 7434800088
Email : gandhinagar.led@gmail.com
Office : 309/A, 3rd Floor, Infocity Supermall-1, Infocity, Gandhinagar

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com